બનાસકાંઠામાં ફફડી ઉઠેલા ક્વોરી સંચાલકોએ હડતાલનું શસ્ત્ર ઉગામ્યું

પાલનપુર, તા.૧૪

રાજ્યભરની ક્વોરીઓમાં તંત્ર દ્વારા સર્વે અને દંડની કામગીરી હાથ ધરાઈ છે. ત્યારે સરહદી બનાસકાંઠા જિલ્લામાં પણ સર્વે હાથ ધરી જરૂર જણાયે દંડનીય કાર્યવાહી હાથ ધરાતા ક્વોરી સંચાલકો ફફડી ઉઠ્યા છે. તંત્રની લાલ આંખથી ફફડી ઉઠેલા ક્વોરી સંચાલકોએ હડતાલનું શસ્ત્ર ઉગામતા ક્વોરી ઉદ્યોગ ઠપ્પ થઈ ગયો છે. જેને પગલે હજારો શ્રમિકો બેકાર થઈ ગયા છે.

રાજ્યના ખાણ અને ખનીજ વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં આવેલી ક્વોરીઓ પર સર્વેની કામગીરી હાથ ધરાઈ છે. જેમાં દોષિત જણાતા લોકો સામે દંડકીય પગલાં ભરાતા ક્વોરી માલિકો ફફડી ઉઠ્યા છે. તંત્ર ખોટી રીતે હેરાનગતિ કરતું હોવાના આક્ષેપો સાથે ક્વોરી ઉદ્યોગના માલિકોએ હડતાલનો માર્ગ અખત્યાર કર્યો છે. ઉદ્યોગ થકી મજૂર વર્ગને રોજીરોટી મળી રહી છે. ત્યારે તંત્ર દ્વારા મસમોટી રકમનો દંડ કરાય છે. જે પડતા પર પાટું મારવા સમી કાર્યવાહી સામે ક્વોરી ઉદ્યોગના સંચાલકોએ રોષ ઠાલવ્યો હતો. અને ના છુટકે હડતાલ પર જવાનો દાવો કર્યો હતો. જોકે, હડતાલને પગલે ૫૦ જેટલી ક્વોરીઓ ઠપ્પ થઈ જતા શ્રમિકોની હાલત કફોડી બની છે.

વર્ષોથી ક્વોરી પર રહેતા ગરીબ અને શ્રમીક પરિવારો મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે ત્યારે ૯ દિવસથી ક્વોરી ઉધોગ બંધ થઈ જવાને પગલે શ્રમિકો હાલ બેકાર થઈ ગયા છે અને પરિવારની આજીવિકાનો પ્રશ્ન સતાવી રહ્યો છે.

સરકાર અને ખાણ ખનીજ વિભાગ ની સર્વે અને દંડ ની કાર્યવાહીને પગલે બનાસકાંઠાના ૫૦ થી વધુ ક્વોરી સંચાલકો હડતાલ પર ઉતરી ગયા છે હાલ તો ટ્રાન્સપોર્ટ સહિત ખનનની કામગીરી બંધ હોવાથી શ્રમિક બેકાર છે અને રોજનું કરોડો નું ટર્ન ઓવર ઠપ્પ છે. ત્યારે આજે બનાસકાંઠા ક્વોરી એસોશિએશન જિલ્લા કલેકટરને રજુઆત કરશે.

વડગામ પાસે પાંચ લાખની રોકડ અને રિવોલ્વરની લૂંટ

વડગામ પોલીસે ઘટના સ્થળે પહોંચી ૫ ટીમો બનાવી તપાસ હાથ ધરી

પાલનપુર, તા.૧૪

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર નજીક આવેલા વડગામ તાલુકાના છનિયાના નજીક મંગળવારે મોંડી સાંજે હસનપુરમાં પોલ્ટ્રી ફાર્મ વાળા કમરૂદ્દીન અયુબભાઈ ઢુક્કા તેમની કારમાં પાલનપુર થી રોકડ રૂ. પાંચ લાખ લઈ પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન સામેથી આવતા વાહનવાળાએ તેમની કાર રોકી હવામાં ફાયરિંગ કરી રોકડ રૂ પાંચ લાખ અને ૩ મોબાઈલ અને રિવોલ્વર લૂંટી ભાગી છૂટ્યા હતા. તે અંગે વડગામ પોલીસ ઘટના સ્થળે પહોંચી તાપસ હાથ ધરી હતી. આં લૂંટના બનાવના ૨૫ કલાક બાદ પણ લૂંટ કરનારા પોલીસ પકડથી હજુ પણ દૂર છે. બનાસકાંઠા પોલીસવડા નીરજ બડગુજ્જર મોંડી સાંજે આ લૂંટની તાપસમાં ૫ ટીમો બનાવી ફરિયાદીને અગાઉ લૂંટ કરનારાઓના ફોટા બતાડી તપાસ ચાલતી હોવાનું જણાવ્યું હતું.

દાંતીવાડા તાલુકાની ચોડુંગરી ગ્રામ પંચાયતની ચૂંટણી સમરસ

હેમતાભાઈ ફતાભાઈ જેગોડાની સરપંચમાં બિનહરીફ વરણી : ગ્રામજનોની એકતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ !

દાંતીવાડા, તા.૧૪

દાંતીવાડા તાલુકામા છેલ્લા કેટલાય સમયથી સરપંચની ચૂંટણીનો માહોલ જામ્યો છે તેમજ આ વખતે દાંતીવાડા તાલુકામાં કુલ ૧૭ પંચાયતોની ચૂંટણી યોજાયેલ છે જેમાં આજરોજ ફોર્મ પાછાં ખેંચવાની છેલ્લી તારીખ ૧૪મીના રોજ ૧૭ ગ્રામ પંચાયતોમાંથી કુલ ૫ ગ્રામ પંચાયતોની સરપંચની ચૂંટણી સમરસ થવા પામી છે.

જેમાં દાંતીવાડા તાલુકામાં આવેલ ચોડુંગરી ગ્રામ પંચાયતની ચૂંટણી સમરસ કરવામાં આવી તેમજ ગ્રામજનો દ્વારા હેમતાભાઈ ફતાભાઈ જેગોડાની સરપંચની સીટ માટે પસંદગી કરી. જાતિ-જાતિ વચ્ચેની એકતાનું ઉત્કુષ્ઠ ઉદાહરણ પૂરું પાડેલ તેમજ હેમતભાઈ ફતાભાઈ જેગોડાની સરપંચમાં પસંદગી થતા ગ્રામજનોમાં એક અલગ જ ખુશીનો માહોલ જોવા મળેલ. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ નટુભાઈ ચૌધરી, એ પી એમ સી ચેરમેન હરજીવનભાઈ ભૂતડીયા, નારણભાઈ રબારી, ડાહ્યાભાઈ ચૌધરી, રાણાભાઈ ભાકોદર સરપંચ ઉપસ્થિત રહેલ.

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આજે વિશ્વ હિન્દૂ પરિષદના આંતરરાષ્ટ્રીય કાર્યધક્ષ પ્રવીણ તોગડીયાએ માં અંબાના દર્શન કર્યા હતા અને વિશ્વ કલ્યાણ અર્થે પ્રાર્થના કરી હતી. અંબાજી ખાતે દર્શને આવેલ પ્રવીણ તોગડીયાએ માં અંબાની વિશેષ પૂજા અર્ચના કરી હતી.

પ્રાંતિજ માર્કેટયાર્ડ શાકભાજીની દુકાનમાંથી તસ્કરો આખી ને આખી તિજોરી ઉપાડી ગયા

દુકાન શટલ પાછળ જાળીના તાળાં ટુટયા નથી તો તિજોરી બહાર કેવી રીતે ગઇ તે પણ ચર્ચાઓએ જોર પકડ્યું

પ્રાંતિજ, તા.૧૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ માર્કેટયાર્ડમાં આવેલ શાકભાજીની દુકાનમાં રાત્રીના સમયે તસ્કરોએ પ્રવેશ કરી દુકાનમાંથી આખી ને આખી તિજોરી લઇ ગયાં અને તિજોરી પાછળ વાધામાંથી સહી સલામત મળી આવતાં દુકાન માલિક દ્વારા ફરીયાદ કરવાનું ટાળ્યું હતું.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ માર્કેટયાર્ડ ખાતે આવેલ મુકેશભાઇ કહાર તથા પરેશભાઇ પટેલની ભાગીદારી પેઢી શીવ શકિત વેજીટેબલ દુકાન નં- ૩ માં રાત્રીનાં સમયે દુકાનની પાછળના ભાગે આવેલ દરવાજામાંથી તસ્કરોએ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાં રહેલ પેટી તથા આખીને આખી તિજોરી ઉઠાવી ગયાં હતાં જયારે સવારે વેપારી દ્વારા દુકાન ખોલતાં પાછલો દરવાજો ખુલ્લો અને દુકાનમાં તિજોરી ના દેખાતા ચોરી થયાંની જાણ થતાં પોલિસને જાણ કરી હતી જયારે તપાસ કરતાં તિજોરી પાછળ વાંધામાંથી મળી આવી અને તિજોરીના તાળાં ના ટુટતા અંદર રહેલ લેપટોપ રોકડ રકમ સહિત કાગળો મળી આવતાં દુકાન માલિક દ્વારા ફરીયાદ કરવાનું ટાળ્યું હતું .જયારે વેપારીઓના જણાવ્યા મુજબ માર્કેટયાર્ડ દ્વારા સીસીટીવી કેમેરાઓ પણ લગાવવામાં આવ્યાં નથી અને રાત્રીનાં લાઇટો પણ બધી ચાલુ કરવામાં આવતી નથી જેથી ચોરી જેવાં બનાવો બને છે જયારે હાલતો દુકાનના તાળાં કે જાળી તોડ્યા વગર આખીને આખી તિજોરી દુકાનમાંથી બહાર કેવી રીતે ગઇ તે પણ તપાસનો વિષય છે ત્યારે ફરીયાદ નહી થતાં તે વાત ઉપર હાલતો પરદો પડી જાય તો નવાઇ નહી.

પ્રાંતિજ ગ્રામ પંચાયતની ચૂંટણી માટે ૧૦૫ ઉમેદવારો મેદાનમાં

૧૫૫ ફોર્મ ભરાયાં હતાં : ૨૬ સાથે ૫૦ ફોર્મ પરત ખેંચાયા : ૨૭મીના દિવસે ચૂંટણી યોજાશે : કાટવાડ સરપંચ સહિતની બેઠક બિનહરીફ

પ્રાંતિજ, તા.૧૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે યોજાનાર ગામ પંચાયતની ચુંટણીમાં ૨૭ ગામોમાંથી ૧૫૫ ફોર્મ સરપંચ માટે ભરવામાં આવ્યાં છે જયારે ૧૪મીને બુધવારના રોજ ૫૦ જેટલાં ફોમ ૨૬ તથા પરત ખેંચાતાં અને એક કાટવાડ સીટ બીનહરીફ થતાં હાલ ૨૬ ગ્રામપંચાયતો સરપંચો માટે ૧૦૪ ઉમેદવારો મેદાનમાં છે.

હાલ ૧૦૪ ઉમેદવારો મેદાનમાં રહેતાં આ વખતે ચુંટણી જગ ખરાખરીનો ખેલ બની રહશે. જયારે આ વખતે પણ જ્ઞાતિવાદ, જુથવાદ સ્થાનિક ચુંટણીમાં અગ્રેસર રહે તો કોઇ નવાઇ નહીં. ભાજપ-કોંગ્રેસ માટે પોતાનાં તરફી સરપંચો વિજયી બને તે દિશામાં રાજકિય પ્રયાસો હાથ ધર્યા છે. જયારે કાટવાડ ખાતે સરપંચની બી.આ. સામાન્ય સીડમાં એક જ ફોર્મ ભરાયું હતું જયારે આ સરપંચની સીટ સામે કોઇ અન્ય ઉમેદારે ઉમેદવારીના નોંધાવતા સરપંચની સીટ પહેલાંથી જ બીનહરીફ જાહેર થઇ છે. જયારે ૨૭મીના રોજ મતગણતરી યોજાશે અને ૨૯ મી ડીસેમ્બરના રોજ મતગણતરી હાથ ધરાશે ત્યારે ખબર પડશે કે કોણ કેટલાં પાણીમાં છે.

ભિલોડા તાલુકાના રામપુરી ગ્રામ પંચાયત સમરસ બની

ભિલોડા,તા.૧૪

ભિલોડા તાલુકાના રામપુરી ગ્રામ પંચાયત સમરસ બનતાં આનંદની લાગણી પ્રસરી છે.પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડા તાલુકાના ટોરડા પાસેના રામપુરી ગ્રામ પંચાયતમાં સરપંચ શિલાબેન વીરજીભાઈ તબીયાર તેમજ વોર્ડની ૮ મહિલા ઉમેદવારો બિનહરીફ સમરસ થતાં સરપંચ સહિત ૯ મહિલાઓએ પદ ગ્રહણ કરતાં ચુંટણી અધિકારી કૈલાશબેન નિનામા, ભિલોડા મામલતદાર જી.કે. પટેલે આ ગ્રામ પંચાયત સમરસ થતાં રામપુરી ગ્રામજનોને અભિનંદન આપ્યા હોવાનું જાણવા મળેલ છે.

પાલનપુરમાં દુષિત પીવાના પાણીના સપ્લાયથી કમળાના રોગે માથુ ઊંચક્યુ

રાણીબાગની ઓવરહેડ પાણીની ટાંકીમાં મરેલ પક્ષીઓથી પાણી દૂષિત બન્યુ છે

પાલનપુર, તા. ૧૪

પાલનપુર શહેરમાં છેલ્લા ઘણા સમયથી કોટવિસ્તાર તેમજ દિલ્હીગેટ વિસ્તારમાં રહિશો કમળાના રોગથી પીડાતા હોવાની વારંવાર ફરિયાદો ઉઠવા પામી છે. કમળાની બિમારી વારંવાર માથુ ઉંચકતા રહિશો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. તેમ છતાં તંત્ર આંખ આડા કાન કરી તમાસો જોઈ રહ્યું છે.

પાલનપુર શહેરના દિલ્હીગેટ અને કોટ વિસ્તારમાં દૂષિત પાણીના લીધે કમળાના રોગે હાહાકાર મચાવી દિધો છે. શહેરના રાણીબાગના ટાંકામાંથી સપ્લાય થતા પીવાના પાણીની લાઈનો આ વિસ્તારમાં પથરાયેલી છે. રાણીબાગની ટાંકી ઉપરના ભાગેથી છેલ્લા ઘણા સમયથી ખુલ્લીને ખુલ્લી જ છે. છ વર્ષ પહેલા તુટેલા ટાંકાના ઢાંકણા ઉપર કંતાન બાંધી દેવામાં આવ્યું હતુ. આ મામલે નગરપાલિકાના પાણી પુરવઠા કમિટિના ચેરમેન શાંતિભાઈએ રાણીબાગની ટાંકીનું ઢાંકણુ નાખવાના કામને પ્રાયોરીટી આપીને તત્કાલ કામ હાથ ધરવા ચીફ ઓફિસર અને પ્રમુખને ત્રણ મહિના પહેલા દબાણપૂર્વક રજૂઆત કરી હતી. પરંતુ દુર્ભાગ્યપૂર્ણ આ કામ પુરૂ ન થતા આ ખુલ્લા પીવાના પાણીના ટાંકામાંથી કેટલાક પક્ષીઓના મૃતદેહ મળી આવ્યા હતા. જેથી દુર્ગંધ મારતા પાણીને લીધે પાણીજન્ય રોગોએ માથુ ઉંચક્યુ છે અને નાગરિકો તંત્રની બેદરકારીથી કમળાના રોગથી પીડાઈ રહ્યા છે. તેમ છતાં તંત્ર આ મામલે આંખ આડા કાન કરી રહ્યું છે. પરિણામે નાગરિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. પાલનપુર નગરપાલિકાના સત્તાધીશો રોગચાળો ફેલાય ત્યારે પાણીના નમૂના લઈ લેબોરેટરીમાં મોકલે છે. વાસ્તવમાં દૂષિત થતા પાણીના મૂળ સુધી પહોંચવાની કોઈ તસ્દી પણ લેતુ નથી. વાત માત્ર પાણીના નમૂના લઈ પુરી થઈ જાય છે.

આમ પાલનપુર નગરપાલિકાના સત્તાધીશો શહેરીજનોના વ્યાપક હિતમાં રાણીબાગની ઓવરેડ ટાંકીમાંથી મરેલા પક્ષીઓના મૃતદેહ અવશેષો દૂર કરી ટાંકી સ્વચ્છ કરી તેના ઉપર તાત્કાલિક ઢાંકણુંફીટ કરવાની કામગીરી હાથ ધરે તેમ શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

દાંતીવાડા તાલુકામાં પાંચ પંચાયતોની સરપંચની ચૂંટણી સમરસ

પાલનપુર, તા. ૧૪

દાંતીવાડા તાલુકામાં છેલ્લા કેટલાય સમયથી સરપંચની ચૂંટણીનો માહોલ જામ્યો છે તેમજ આ વખતે દાંતીવાડા તાલુકામાં કુલ ૧૭ પંચાયતોની ચૂંટણી યોજાયેલ છે. જેમાં આજરોજ ફોર્મ પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૧૪મી ડિસે.ના રોજ ૧૭ ગ્રામ પંચાયતોમાંથી કુલ ૫ ગ્રામ પંચાયતોની સરપંચની ચૂંટણી સમરસ થવા પામી છે. જેમાં રાણોલગામ, આરખી, ચોડુંગરી/ ભાકોદર, ભાખરનાની, સાતસણ ગામ, આમ આ ગ્રામ પંચાયતોની ચૂંટણી ગ્રામજનો દ્વારા સમરસ કરવામાં આવી છે તેમજ તાલુકામાં એકતાનું ઉકૃષ્ઠ ઉદાહરણ પુરૂ પાડવામાં આવેલ અને હવે આવનારા સમયમાં કુલ ૧૨ ગ્રામ પંચાયતોમાં સરપંચની ચૂંટણી યોજાશે અને આવનારા સમયમાં જ ખબર પડશે કે કોણ કયા ગામમાં સરપંચની ગાદી સંભાળશે.

પાલનપુરમાં પયગમ્બર સાહેબના મુબારીક બાલની જીયાહત કરાઈ

પાલનપુર, તા.૧૪

પાલનપુર ખાતે ઈદે મિલાદના દિવસે જુમ્મા મસ્જીદ ખાતે રહેતા સ્વ.મહેમદુમીયાં કાદરીના નિવાસ્થાને વર્ષોથી હજરત મોહંમદ પયગમ્બર સાહેબના મુબારીક બાલની જીયાહત કરાવવામાં આવે છે. વર્ષો પહેલા પર દાદાઓ હજે બયતુલ ગયા હતા ત્યાંથી પયગમ્બર સાહેબનો બાલ મુબારક લાવ્યા હતા વિશ્વભરમાં બાલ મુબારકની જીયાહત કરાવાય છે.

ઊંઝાના બ્રાહ્મણવાડા ગામે ગોડાઉનમાંથી ૩૯ લાખની કિંમતની ૨૧૫૩ નંગ એરંડાની બોરીની ઉઠાંતરી

ઊંઝા, તા. ૧૪

ઊંઝા તાલુકાના બ્રાહ્મણવાડા ગામની સીમમાં આવેલ એક કંપનીના ગોડાઉનમાંથી રાત્રીના સમયે કોઈ તસ્કરો રૂપિયા ૩૯,૨૯,૨૨૫ની કિંમતની મત્તાની એરંડાની ૨૧૫૩ બોરી ઉઠાંતરી કરી ગયા હોવાનો બનાવ બનેલ છે.

વિગત એવી છે કે બ્રાહ્મણવાડા ગામની સીમમાં માયા કોમોડીટીઝ મેનેજમેન્ટ પ્રા.લી. ગોડાઉન આવેલ છે. આ કંપની એક્સીસ બેંક માલ સ્ટોક પર વેપારીને ધીરાણ કરી કંપની આ ગોડાઉનમાં ગોવિંદ એજન્સીના વેપારીની એરંડાની કુલ ૧૩,૭૪૩ નંગ બોરી પડી હતી. ગત તા. ૨૪-૧૦-૧૩ થી તા. ૪-૧૨-૧૬ દરમિયાનના સમયમાં કોઈ તસ્કરો ગોડાઉનનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ ગોડાઉનમાંથી ૧૫૩ ટન વજનની ૨૧૫૩ નંગ એરંડા ભરેલ બોરીઓની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. ચોરાયેલ તેલીબિયા વર્ગની કૃષિ ચીજની કિંમત રૂ. ૩૯,૨૯,૨૨૫ની તસ્કરોએ ગોડાઉનનું તાળુ તોડી એરંડાની બોરીઓની ચોરી કર્યા બાદ બહાર નીકળીને ગોડાઉમાં બીજુ તાળુ મારી દીધુ હતુ.

આ બનાવ અંગે વૈભવકુમાર કુલચંદભાઈ પટેલની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઊંઝા વિસ્તારમાં ઠેર ઠેર જગ્યાએ ગોડાઉનો આવેલ છે. જેમાં મોટા જથ્થામાં ખેત ઉપજના માલો સંગ્રહાયેલ છે. આવા માલો ભરેલ ગોડાઉનોમાં છેલ્લા ઘણા વખતથી અવારનવાર માલોની ઉઠાંતરીના કિસ્સાઓ બની રહ્યા છે. ઊંઝા અને ઉનાવા પોલીસમથકોમાં કૃષિમાલો ચોરીઓના જે ગુનાઓ નોંધાયા છે તે પૈકી મોટા ભાગના ગુનાઓના ભેદ આજદિન સુધી વણ ઉકેલાયેલા રહ્યા છે. કહે છે કે ગોડાઉનોમાં થતી માલોની ચોરીઓ પૈકી કેટલાક કિસ્સાઓમાં વીમો પકવવા માટે પોલીસ ફરિયાદનું કારસ્તાન થાય છે. આમાં ખરેખર સત્ય શું છે તે અંગે ચુનંદા પ્રામાણિક પોલીસ અધિકારી મારફતે ઝીણવટભરી તપાસ થવી જરૂરી મનાય છે.

અરવલ્લી જિલ્લામાં નોટબંધીના ૩૬મા દિવસે પણ સ્થિતિ યથાવત

મોડાસાના ચાલુ એટીએમ મશીનોમાં મોડી રાત્રે પણ ઠંડીમાં રૂપિયા ઉપાડવા લાંબી લાઈનો

નોટબંધીના બુધવારે ૩૬મા દિવસે પણ અંધાધૂંધી યથાવત રહી છે. સતત ત્રણ દિવસ બેંકો બંધ રહ્યા બાદ મંગળવારે રૂપિયા લેવા બેંકોમાં લાંબી લાઈનો લાગી હતી પરંતુ રૂપિયાના અભાવે મોટા ભાગના લોકોને નીરાશા વ્યાપી ગઈ હતી. જિલ્લાની બેંકો દ્વારા આર.બી.આઈ.ના નિયમ મુજબ ૨૪૦૦૦ રૂ. આપવાના બદલે નવી નોટો અને બેંકોમાં રૂપિયા ન હોવાનું જણાવી ફક્ત ૫૦૦૦ થી ૧૫૦૦૦ રૂ. સુધી જ પેમેન્ટ આપતા સામાન્ય લોકોને ભારે હાડમારી વેઠવી પડી રહી છે. મોડાસા શહેરમાં ઠંડીમાં થરથર ધ્રુજતા શહેરીજનો મોડી રાત્રીએ પણ લાઈનમાં રૂપિયા ઉપડવાની આશાએ ઉભેલા નજરે ચડતા હતા.

અરવલ્લી જિલ્લામાં તમામ ચાલુ એ.ટી.એમ. બુથો પર ૩૬મા દિવસે પણ લાઈનો યથાવત જોવા મળી હતી. નાણા મળશે કે નહિ તેવી શંકાની ચર્ચાઓ બેંકની કતારોમાં આજેય યથાવત છે. તદ્ઉપરાંત નાણા ઉપાડવા આવતા ગ્રાહકોમાં નાના-મોટા ઝઘડા પણ થઈ રહ્યા છે. મોડાસા શહેરમાં એટીએમથી નાણા ઉપાડવા માટે વહેલી સવારથી ઠેક મોડી રાત્રી સુધી ઠંડીમાં ધ્રુજતા હોવા છતાં રૂપિયા મેળવવા સતત પ્રયત્નશીલ અને જીવનનિર્વાહ ચલાવવા માટે શહેરીજનો તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકો દોડાદોડી કરતા નજરે ચડતા હતા. મોડાસા તાલુકાના ગામડાઓમાંથી રૂપિયા ઉપાડવા અને બેંકમાંથી નાણા મેળવવા મોટી સંખ્યામાં ગામડાના લોકો ખેતરનું કે પછી અન્ય કામકાજ છોડી બસ કે અન્ય ખાનગી વાહન મારફતે મોડાસાના એટીએમ અને બેંકોમાં રીતસર દોટ મુકી રહ્યા છે. એટીએમમાં બે કલાકથી વધુ લાઈનમાં ઉભા રહ્યા પછી રૂપિયા મેળવવા નંબર લાગતો હોય અને એટીએમમાંથી રૂપિયા ખાલી થઈ ગયાનું જાણતાની સાથે ક્યાંક દેશભક્તિ તો ક્યાંક નોટબંધીનો નિર્ણય ભૂલભરેલો ગણાવી રહ્યા છે. જ્યારે પરિવારજનો તેમના સ્વજન રૂપિયા વગર ઘરે ફરતા પરિવારના સભ્યો માનવસર્જીત આફ્તથી તોબા પોકારી ઉઠતાની સાથે ઘર કઈ રીતે ચલાવવુ તેવી દ્વિધા અનુભવે છે.

મોડાસાના એટીએમ મશીનો ઉપર રૂપિયા ઉપાડવા આવતા લોકો ત્રણ થી દસ જેટલા કાર્ડનો ઉપયોગ કરતા હોબાળો

કેન્દ્ર સરકાર દ્વારા અચાનક કરાયેલી નોટબંધીના પગલે ભારે અરાજકતાનો માહોલ જોવા મળી રહ્યો છે અને એટીએમ મશીનો પર લાંબી કતારો જોવા મળી રહી છે. ત્યારે કેટલાક એટીએમ ધારકો દ્વારા એટીએમ મશીનમાંથી રૂપિયા ઉપાડવા ૩ થી ૧૦ જેટલા કાર્ડનો ઉપયોગ કરી રૂપિયા ઉપાડી લેતા હોવાથી અન્ય જરૂરીયાતમંદ લોકોને રૂપિયા ન મળતા હાલત કફોડી બની છે. ત્યારે બેંક સત્તાવાળાઓ દ્વારા સીક્યુરીટી ગાર્ડ દ્વારા એક જ એટીએમ મશીનનો ઉપાડ કરવાનું ધ્યાન રાખવામાં આવે તેવું જરૂરીયાતમંદ લોકો ઈચ્છી રહ્યા છે.